## સેમી ફાઇનલમાં જીત મેળવીને સ્પેને ફ્રાન્સ અને એમ્બાપ્પેની વિજય કૂચને આખરે અટકાવી

# ફ્રાન્સને 2-0થી હરાવી સ્પેન 16 વર્ષે ફાઇનલમાં

**22મી મિનિટે** પેનલ્ટી પર થયેલા ગોલથી આ વર્લ્ડકપમાં પહેલીવાર ફ્રાન્સની ટીમ સ્કોરમાં પાછળ પડી

**વર્લ્ડકપ** 2026ની સાત મેચમાંથી છઠ્ઠી મેચમાં સ્પેને હરીફ ટીમને એકેય ગોલ ન કરવા દીધો

**ફ્રાન્સમાં** એમ્બાપ્પે, ડેમ્બલે અને એલિસ જેવા દિગ્ગજ હોવા છતાં સ્પેનની ટીમ ભારે પડી



આર્લિંગ્ટન, તા. 15 : ફિફા વર્લ્ડકપની મંગળવારની રાત્રે રમાયેલી પહેલી સેમી ફાઇનલમાં સ્પેનની મજબૂત ડિફેન્સિવ રમત અને શાનદાર આત્મવિશ્વાસ ફ્રાન્સના સ્ટાર ખેલાડી કિલિયન એમબાપ્પે, ઓસ્માન ડેમ્બલે અને માઇકલ એલિસની આક્રમક ત્રિપુટી પર ભારે પડી અને 2010ના ચેમ્પિયન સ્પેને પોતાના શાનદાર પ્રદર્શનના જોરે વર્લ્ડકપની ફાઇનલમાં જગ્યા બનાવી લીધી છે.

સ્પેનિશ ટીમે આ ટૂર્નામેન્ટની સાત મેચોમાંથી છઠ્ઠી મેચમાં વિરોધી ટીમને એક પણ ગોલ કરવા દીધો ન હતો. મંગળવારે રમાયેલી સેમી ફાઇનલમાં સ્પેને વર્લ્ડકપના ઇતિહાસના સૌથી શાનદાર સ્કોરર્સમાંના એક ફ્રાન્સ સામે ૨-૦ થી જીત મેળવી હતી. લેમિન યામાલની ચતુરાઈભરી રમતને કારણે સ્પેનને પેનલ્ટી મળી હતી, જેના પર મિકેલ ઓયારઝાબાલે ગોલ કર્યો હતો. ત્યારબાદ પેડ્રો પોરોએ બીજો ગોલ કરીને સ્પેનને બીજી વખત વર્લ્ડકપની ફાઇનલમાં પહોંચાડી દીધું. બીજી તરફ, સતત ત્રીજી વખત વર્લ્ડકપની ફાઇનલમાં પહોંચનારી ત્રીજી ટીમ બનવાનો પ્રયત્ન કરી રહેલી ફ્રાન્સની ટીમને નિરાશા સાંપડી છે. હવે તેઓ શનિવારે મિયામી ગાર્ડન્સ, ફ્લોરિડામાં ત્રીજા સ્થાન માટેની મેચ રમશે. મેચ શરૂ થયાની 22મી મિનિટે જ્યારે ડીગ્ને બોલ ક્લિયર કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે પાછળથી દોડીને પેનલ્ટી એરિયામાં આવેલા યમાલને ડીગ્નેનો પગ વાગ્યો. ફ્રાન્સ માટે પોતાની ૬૩મી મેચ રમી રહેલા ડીગ્નેની આ ભૂલ ફ્રાન્સને ભારે પડી અને ત્યાર મળેલી પેનલ્ટી પર ઓયારઝાબાલે ગોલ કરીને સ્પેનને સરસાઇ અપાવી. આ વર્લ્ડકપમાં ઓયારઝાબાલનો આ પાંચમો ગોલ હતો અને સ્પેન માટે 60 આંતરરાષ્ટ્રીય મેચોમાં આ તેમનો 30મો ગોલ હતો. આ ટૂર્નામેન્ટની સાત મેચોમાં આ પહેલીવાર હતું જ્યારે ફ્રાન્સની ટીમ સ્કોરમાં પાછળ પડી હોય.

### સતત ત્રીજી મોટી ટૂર્નામેન્ટની સેમીમાં ફ્રાન્સને હરાવવાનો સ્પેનનો રેકોર્ડ

ફૂટબોલના આ સૌથી મોટા મંચ પર સ્પેનની જીતે સતત ત્રીજા ઉનાળામાં કોઈ મોટી ટૂર્નામેન્ટની સેમી ફાઇનલમાં ફ્રાન્સને હરાવવાનો રેકોર્ડ બનાવ્યો છે. યામાલે પોતાના ૧૭મા જન્મદિવસના થોડા દિવસો પહેલા 2024ની યુરો ચેમ્પિયનશિપની સેમી ફાઇનલમાં 2-1ની જીતમાં ગોલ કર્યો હતો, અને ગયા વર્ષે નેશન્સ લીગમાં સ્પેન 5-4થી જીત્યું હતું.

### સ્પેને 2024થી સળંગ 37 મેચ સુધી અજેય રહેવાનો નવો રેકોર્ડ બનાવ્યો

આ વર્લ્ડકપની સફર સાથે સ્પેને માર્ચ 2024થી રેગ્યુલર ટાઇમમાં સળંગ 37 મેચ જેમાં 28 જીત અને 9 ડ્રો સાથે અજેય રહેવાનો પોતાનો નવો રેકોર્ડ બનાવ્યો છે. આ સાથે તેમણે 2007-09 વચ્ચેના સળંગ 35 મેચ સુધી અજેય રહેવાના પોતાના જ જૂના રેકોર્ડને તોડી નાખ્યો છે. આ હાર સાથે જ ફ્રાન્સનો વર્લ્ડ કપમાં સતત છ મેચ જીતવાનો રેકોર્ડ તૂટી ગયો છે, જે તેમણે 2018 અને 2022ના વર્લ્ડકપમાં પણ બનાવ્યો હતો.

### સ્પેનના ગોલકીપર સિમોને વધુ એક મેચમાં પ્રતિસ્પર્ધીને ગોલ ન કરવા દીધો



એર્લિંગ્ટન, તા. 15 : મંગળવારે રાત્રે રમાયેલી સેમી ફાઇનલમાં ફ્રાન્સ જ્યારે ગોલ કરવા માટે બેતાબ હતું, ત્યારે સ્પેનના ગોલકીપર ઉનાઇ સિમોને પોતાની લાઇન છોડીને આગળ દોડીને કિલિયન એમબાપ્પેને બોલ મેળવતા રોક્યો હતો. સિમોને ત્યાંપહોંચીને હેડર વડે બોલને દૂર ધકેલ્યો હતો, તેના હેડર પછી બોલ સીધો ડુએ પાસે ગયો, ત્યારે સિમોને ઝડપથી પાછા દોડીને હાથનો ઉપયોગ કર્યા વિના હવામાં કૂદીને એરિયાના છેડા પરથી બોલને રોક્યો. મેચના અંતિમ સમયની આ અરાજકતાવાળી ક્ષણમાં પણ, સ્પેનના મજબૂત સંરક્ષણ અને શાનદાર ગોલકીપરે ફ્રાન્સને એક પણ ગોલ કરવા દીધો નહીં. આ વખતના વર્લ્ડકપમાં સ્પેન માટે આ રેકોર્ડ છઠ્ઠી એવી મેચ હતી જેમાં તેણે વિરોધી ટીમને એક પણ ગોલ કરવા દીધો ન હતો. આ ટૂર્નામેન્ટમાં સિમોને ગુમાવેલો એકમાત્ર ગોલ બેલ્જિયમ સામે ક્વાર્ટર ફાઇનલમાં 41મી મિનિટે થયો હતો.

### લામીન યમાલે ગોલ ન કર્યો પણ તેની ચતુરાઈથી સ્પેને ફ્રાન્સને હરાવ્યું



એર્લિંગ્ટન તા. 15 : ફૂટબોલ વર્લ્ડકપની ગઇકાલે મંગળવારે રમાયેલી પહેલી સેમી ફાઇનલના પહેલા હાફમાં લામીન યમાલની ચતુરાઇને કારણે સ્પેનને પેનલ્ટી મળી હતી અને તેના પર ગોલ કરીને ફ્રાન્સ સામે આ વર્લ્ડકપમાં પહેલીવાર કોઇ ટીમે સરસાઇ મેળવી હતી. ફ્રાન્સનો ડિફેન્ડર લુકાસ ડિગ્ને જ્યારે પોતાના જ પેનલ્ટી એરિયામાં બોલને કિક મારીને દૂર કરવા માટે પોતાનો પગ હવામાં ઊંચો કર્યો, ત્યારે યમાલ તેમની તરફ ઝડપથી દોડી ગયો અને તેનો પગ યમાલની જાંઘ સાથે જોરથી અથડાયો. જેને પગલે તરત જ પેનલ્ટી જાહેર કરાઇ, જેણે સ્પેનને મેચમાં સરસાઈ અપાવી. યમાલના નામે હજુ સુધી આ ટૂર્નામેન્ટમાં માત્ર એક ગોલ છે અને કોઈ આસિસ્ટ નથી. તેમ છતાં, તેની આ ચતુર રમત વગર સ્પેન હાફ-ટાઇમ સુધી ફ્રાન્સ સામે લીડ મેળવી શક્યું ન હોત.

### સતત ત્રીજી વર્લ્ડકપ ફાઇનલ રમવાથી વંચિત એમ્બાપ્પે ગોલ્ડન બૂટની રેસમાં યથાવત

એર્લિંગ્ટન, તા. 15 : સ્પેન સામે સેમી ફાઇનલમાં હારને પગલે ફ્રાન્સનો કિલિયન એમબાપ્પે વર્લ્ડકપમાં સતત ત્રીજી ફાઇનલ રમવાથી વંચિત થયો છે, જો કે આમ છતાં તે આર્જેન્ટીનાના સુપરસ્ટાર લિયોનલ મેસી સાથે ગોલ્ડન બુટની રેસમાં યથાવત રહ્યો છે. આ વર્ષના વર્લ્ડકપના સૌથી મોટા સ્ટાર્સમાંના એક અને ફૂટબોલ જગતના સર્વશ્રેષ્ઠ સ્કોરર એમબાપ્પે, મંગળવારે સેમિફાઇનલમાં સ્પેન સામેની ૨-૦થી થયેલી હારમાં ગોલ કરવાની ખાસ તકો ઊભી કરી શક્યો નહોતો. આ ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી એમબાપ્પે અને મેસી બંનેના 8-8 ગોલ છે. ચાર વર્ષ પહેલાં કતારમાં યોજાયેલા વર્લ્ડકપમાં ગોલ્ડન બૂટ જીતનાર એમબાપ્પે એસિસ્ટના મામલે ૩-૨થી આગળ હોવાને કારણે હાલ પ્રથમ ક્રમે છે. મેસીની ડિફેન્ડિંગ ચેમ્પિયન ટીમ આર્જેન્ટિના બુધવારે બીજી સેમિફાઇનલ મેચમાં ઈંગ્લેન્ડ સામે ટકરાશે. આ એવોર્ડનો નિર્ણય થાય તે પહેલાં બંને ખેલાડીઓ પાસે હજુ એક-એક મેચ બાકી છે. ફ્રાન્સની ટીમ શનિવારે માઇઆમી ગાર્ડન્સ, ફ્લોરિડા ખાતે બીજી સેમી ફાઇનલની હારેલી ટીમ સામે ત્રીજા સ્થાન માટે રમશે.



## BCCI સચિવ સૈકિયા ICC ગવર્નન્સ રિવ્યુ કમિટીના વડા બન્યા

**તમિમ** ઇકબાલની અધ્યક્ષતામાં નવી રચાયેલી ફ્રેન્ચાઇઝ લીગ સમિતિમાં પણ સૈકિયાનો સમાવેશ

**ગવર્નન્સ** રિવ્યૂ કમિટીએ ક્રિકેટ વેસ્ટ ઈન્ડિઝ માટે 12.82 મિલિયન ડોલરની લોન પણ મંજૂર કરી



એડિનબર્ગ, તા. 15 (પીટીઆઈ) : બીસીસીઆઈ સેક્રેટરી દેવજીત સૈકિયાને આજે બુધવારે આઈસીસીની નવી પેટા સમિતિ, ગવર્નન્સ રિવ્યૂ કમિટીના વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, જેણે ક્રિકેટ વેસ્ટ ઈન્ડિઝ માટે 12.82 મિલિયન ડોલરની લોન પણ મંજૂર કરી હતી. સાકિયા ઉપરાંત, ક્રિકેટ સાઉથ આફ્રિકાના ડૉ. મોહમ્મદ મૂસાજી અને આઈસીસીના નવા નિયુક્ત સ્વતંત્ર ડિરેક્ટર ડૉ. રોસ રિવાસ આ સમિતિમાં છે.

સૈકિયા બાંગ્લાદેશના માજી કેપ્ટન તમિમ ઈકબાલની અધ્યક્ષતામાં નવી રચાયેલી ફ્રેન્ચાઇઝ લીગ સમિતિમાં પણ છે. સમિતિમાં ક્રિકેટ નામિબિયાના ડૉ. રૂડી વાન વુરેન, ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડના રિચાર્ડ ગુડે અને ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના ટોડ ગ્રીનબર્ગનો પણ સમાવેશ થાય છે. નાણાકીય મુશ્કેલીઓનો સામનો કરી રહેલા ક્રિકેટ વેસ્ટ ઈન્ડિઝને મદદ કરવા માટે લોન મંજૂર કરવામાં આવી હતી. આઈસીસીએ ક્રિકેટ શ્રીલંકા દ્વારા તેના સુધારેલા બંધારણ અંગે કરવામાં આવેલી પ્રગતિની પણ સમીક્ષા કરી. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના પ્રમુખ તમીમ ઈકબાલની પૂર્ણ-સમયના સભ્ય ડિરેક્ટર ઓફ મેમ્બર્સ તરીકે નિમણૂકને પણ મંજૂરી આપવામાં આવી હતી. આઈસીસીએ મોરેશિયસને તેના 111મા સભ્ય તરીકે પણ મંજૂરી આપી છે, જ્યારે ક્રિકેટ કેનેડા સસ્પેન્ડ રહ્યું હતું. સભ્યપદના માપદંડોના ઉલ્લંઘન બદલ ફ્રાન્સ ક્રિકેટને પણ નોટિસ આપવામાં આવી છે.

## વન ડે ઓલરાઉન્ડર્સ રેન્કિંગમાં અક્ષર ટોપ ટેનમાં સામેલ

દુબઈ, તા. 15 : ભારતીય ઓલરાઉન્ડર અક્ષર પટેલે બર્મિંઘમમાં ઈંગ્લેન્ડ સામેની પહેલી મેચમાં શાનદાર પ્રદર્શન કર્યા બાદ વન ડે ઓલરાઉન્ડર્સની રેન્કિંગમાં ત્રણ સ્થાન ઉપર ચઢીને ટોપ 10માં નવમા સ્થાને પહોંચી ગયો. અક્ષરના બેટિંગ અને બોલિંગ રેન્કિંગમાં પણ સુધારો થયો છે. તે બેટિંગ રેન્કિંગમાં 18 સ્થાન ઉપર 73મા અને બોલિંગ રેન્કિંગમાં બે સ્થાન ઉપર 42મા સ્થાને પહોંચી ગયો છે. 80 રને રિટાયર્ડ હર્ટ થયેલા ભારતીય કેપ્ટન શુભમન ગિલના રેટિંગમાં 12 પોઇન્ટનો ફાયદો થતા હવે તે બેટિંગ રેન્કિંગમાં ટોચના ક્રમાંકિત ડેરિલ મિચેલથી માત્ર 11 પોઇન્ટ પાછળ છે. જસપ્રીત બુમરાહે વાપસી કરતી વખતે એક વિકેટ લીધી, જેના કારણે તે બોલિંગ રેન્કિંગમાં 24મા સ્થાને પહોંચી ગયો. વોશિંગ્ટન સુંદર બેટિંગ રેન્કિંગમાં 24 સ્થાન અને ઓલરાઉન્ડર રેન્કિંગમાં 16 સ્થાન ઉપર ગયો છે. ઈંગ્લેન્ડનો બેટ્સમેન જો રૂટ બેટિંગ રેન્કિંગમાં સંયુક્ત 12મા સ્થાને પહોંચી ગયા છે.

## આજે બીજી વનડે : ગીલની ફિટનેસ, રોહિતના ફોર્મ પર નજર

**સાંજે** 5.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



કાર્ડિફ, તા. 15 (પીટીઆઈ) : ત્રણ મેચની સીરિઝની શરૂઆતની મેચમાં જીતથી ઉત્સાહિત ભારતીય ટીમ આવતીકાલે ગુરુવારે ઇંગ્લેન્ડ સામેની બીજી વનડે માટે અહીં મેદાનમાં ઉતરશે ત્યારે કેપ્ટન શુભમન ગીલની ફિટનેસ અને ઓપનર રોહિત શર્માના ફોર્મ પર ધ્યાન કેન્દ્રિત રહેશે. બર્મિંઘમમાં રમાયેલી પહેલી વનડેમાં ભારતની છ વિકેટની જીતમાં ગીલે 80 રન બનાવ્યા હતા, પરંતુ હેમસ્ટ્રિંગની ઈજાને કારણે તેને નિવૃત્તિ લેવી પડી હતી. ભારત તેના ઝડપથી સ્વસ્થ થવાની આશા રાખશે.

તાજેતરના સમયમાં આ પહેલી વાર નથી જ્યારે ગીલને ફિટનેસ સમસ્યાઓના કારણે મેદાન છોડવું પડ્યું હોય. ગયા વર્ષે કોલકાતામાં દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટ દરમિયાન ગીલ મેદાનની બહાર ચાલ્યો ગયો હતો અને તેને હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું હતું. ત્યારબાદ તે બાકીની સીરિઝમાં રમી શક્યો નહોતો. ભારતીય ટીમ પ્રાર્થના કરશે કે આવું ફરી ન બને કારણ કે ટીમને કેપ્ટન અને ટોપ-ઓર્ડર બેટ્સમેન તરીકે તેની ખૂબ જરૂર છે.

ગીલના ઓપનિંગ પાર્ટનર રોહિતને ફિટનેસમાં કોઈ સમસ્યા નથી, પરંતુ ટીમ મેનેજમેન્ટ ચોક્કસપણે તેના પ્રદર્શન પર નજર રાખશે. કેપ્ટનશીપ ગુમાવ્યા પછી રોહિતે તેના આક્રમક વલણને કાબુમાં લીધું છે, પરંતુ અત્યાર સુધી તેનો કોઈ ખાસ ફાયદો થયો નથી. ગયા વર્ષે ઓક્ટોબરથી રોહિતે 13 વનડે રમી છે, જેમાં તેણે 46.91 ની સરેરાશથી 563 રન બનાવ્યા છે, જેમાં એક સદી અને ચાર અડધી સદીનો સમાવેશ થાય છે. આ કોઈ સામાન્ય સિદ્ધિ નથી, પરંતુ ભારતીય ડ્રેસિંગ રૂમની હાલની સ્થિતિને કારણે રોહિત માટે લગભગ દરેક મેચમાં પ્રદર્શન કરવું અનિવાર્ય બની ગયું છે.

### ICCએ વન ડે અને ટી-20 વર્લ્ડકપમાં મોટા ફેરફારોની જાહેરાત કરી

## ICCએ વન ડે વર્લ્ડકપમાં સુપર-7 સ્ટેજનો ઉમેરો કર્યો

**ટી-20** વર્લ્ડકપમાં ICCએ સુપર-8 સ્ટેજને સ્થાને હવે સુપર-10 સ્ટેજમાં બદલ્યો, વન ડે વર્લ્ડકપમાં 10ના સ્થાને કુલ 14 ટીમો ભાગ લેશે

**વન** ડે વર્લ્ડકપમાં ફાઇનલ સુધીના ત્રણ તબક્કા રહેશે, જે દરેક મેચનું મહત્વ વધારશે

એડિનબર્ગ, તા. 15 (પીટીઆઈ) : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી)એ આજે બુધવારે એક નવા ફોર્મેટની જાહેરાત કરી, જે અનુસાર 2027 વનડે વર્લ્ડકપ ફાઈનલમાં પહોંચવા માટે ત્રણ તબક્કાની સ્પર્ધા રહેશે અને 2028 ટી-20 વર્લ્ડકપ માટે સુપર 8 રાઉન્ડને 10 ટીમો સુધી વિસ્તૃત કરવામાં આવશે. આ ફેરફારોનો હેતુ બંને ટુર્નામેન્ટમાં સ્પર્ધાને વધુ રોમાંચક બનાવવાનો છે. આ નિર્ણયો આઈસીસીની વાર્ષિક બેઠકમાં લેવામાં આવ્યા હતા.

દક્ષિણ આફ્રિકામાં યોજાનાર 2027 વન ડે વર્લ્ડકપમાં અગાઉના આયોજન મુજબ 14 ટીમો ભાગ લેશે, જે અગાઉની આવૃત્તિની 10 ટીમોથી વધુ છે. જોકે, ટુર્નામેન્ટને વધુ સ્પર્ધાત્મક બનાવવા માટે, સંચાલક મંડળે ગ્રુપ સ્ટેજ પહેલા સુપર સિરીઝ અને સેમી ફાઇનલ પહેલા સુપર 7 સ્ટેજ ઉમેર્યો છે. આઈસીસીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે મેન્સ ક્રિકેટ વર્લ્ડકપમાં 14 ક્વોલિફાઈડ ટીમો ભાગ લેશે પરંતુ તેમાં સુધારેલા ફોર્મેટનો સમાવેશ થશે જેમાં ફાઈનલ સુધીના ત્રણ તબક્કા હશે, જે દરેક મેચનું મહત્વ વધારશે અને શરૂઆતથી ફાઈનલ સુધી રોમાંચક સ્પર્ધા સુનિશ્ચિત કરશે.

12માંથી 14માં સ્થાને ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય થયેલી ટીમો પહેલા સુપર સિરીઝ રાઉન્ડ રમશે. શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી ટીમ બીજા તબક્કામાં જશે, જ્યાં છ ટીમોને બે ગ્રુપમાં વહેંચવામાં આવશે. દરેક ગ્રુપમાંથી ટોચની ત્રણ ટીમો અને બંને ગ્રુપમાં આગામી શ્રેષ્ઠ ટીમ સુપર 7 તબક્કા માટે ક્વોલિફાય થશે. સુપર 7 તબક્કામાંથી ચાર શ્રેષ્ઠ ટીમો સેમી ફાઈનલમાં પહોંચશે.

દસ ટીમો ટુર્નામેન્ટ માટે સીધી ક્વોલિફાય થશે. ત્રણ યજમાન દેશોમાંથી, દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વે આપમેળે પૂર્ણ સભ્ય તરીકે ક્વોલિફાય થશે. ત્રીજો યજમાન દેશ, નામિબિયા, એસોસિયેટ સભ્ય હોવાથી સીધો ક્વોલિફાય થશે નહીં. વન ડે રેન્કિંગમાં ટોચની આઠ ટીમો બાકીના 10 સ્થાનો ભરશે. બાકીની ચાર ટીમોનો નિર્ણય વૈશ્વિક ક્વોલિફાયર દ્વારા કરવામાં આવશે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં 2028માં યોજાનાર ટી-20 વર્લ્ડકપમાં હવે ગ્રુપ સ્ટેજ પછી સુપર 8 ને બદલે સુપર 10 સ્ટેજ હશે. આ ટુર્નામેન્ટને દરેકમાં ચાર ટીમોના પાંચ ગ્રુપમાં વહેંચવામાં આવશે, જેમાં દરેક ગ્રુપમાંથી ટોચની બે ટીમો સુપર 10 માં પ્રવેશ કરશે.

### વન ડે વર્લ્ડકપ: નવો સુપર 7 સ્ટેજ

**રાઉન્ડ 1 સુપર સિરીઝ :** ગ્રુપ પ્લેમાં સીધા જ પ્રવેશ કરવાને બદલે, ત્રણ સૌથી નીચલા ક્રમાંકિત ક્વોલિફાયર ટીમ 12, 13 અને 14ને તાત્કાલિક અલગ કરીને તેમની વચ્ચે રાઉન્ડ-રોબિન સુપર સિરીઝમાં થશે, જેમાંથી ટેબલ-ટોપર જ મુખ્ય ડ્રોમાં બાકીની 11 શ્રેષ્ઠ ટીમ સાથે જોડાશે.

**રાઉન્ડ 2 ગ્રુપ સ્ટેજ :** બચેલી ૧૨ ટીમોને છ ટીમોના બે ગ્રુપમાં વહેંચાશે, જેમની વચ્ચે કુલ 30 મેચ રમાશે અને દરેક ગ્રુપમાંથી ટોચની ત્રણ ટીમો આપમેળે આગળ વધશે.જ્યારે બંને જૂથોમાં ટુર્નામેન્ટ-વ્યાપી પ્રદર્શનના આધારે ટીમને અંતિમ સાતમું સ્થાન મળશે.

**રાઉન્ડ 3 સુપર 7 મેરેથોન :** જૂની સિસ્ટમમાં સુપર સિક્સ હતું તેના બદલે હવે એકીકૃત સુપર 7 સ્ટેજ રજૂ કરાયો છે અહીં, બધા સાત ક્વોલિફાઇંગ રાષ્ટ્રો 21 મેચની અવિરત રાઉન્ડ-રોબિન લીગમાં લડશે. આ સિંગલ ટેબલમાંથી ફક્ત ટોચની ચાર ટીમો જ સેમિફાઇનલમાં સ્થાન મેળવશે.

### ટી-20 વર્લ્ડ કપ : IPL-શૈલીના એલિમિનેટર

**ગ્રુપ સ્ટેજ :** અગાઉના ફોર્મેટમાં 20 ટીમોને પાંચ-પાંચના ચાર ગ્રુપમાં વહેંચઇ હતી જ્યારે હવેથી ચાર ચાર ટીમના પાંચ ગ્રુપ બનાવાશે. દરેક ગ્રુપમાંથી ટોચની બે ટીમો આગળ વધશે

**સુપર 10 સ્ટેજ :** સુપરે 8ને સ્થાને હવે પાંચ પાંચ ટીમોના બે ગ્રુપનો સુપર 10 સ્ટેજ આવશે, જેનાથી ઓછામાં ઓછા બે વધારાના એસોસિએટ્સ રાષ્ટ્રોને ઉચ્ચ કક્ષાના રાષ્ટ્રો સામે રમવાની તક મળશે.

**એલિમિનેટર :** સુપર 10ના બે ગ્રુપમાં પ્રથમ સ્થાન મેળવનાર ટીમ સીધી સેમી ફાઇનલ માટે ક્વોલિફાય થશે. તે પછી બંને ગ્રુપમાં બીજા અને ત્રીજા સ્થાને રહેલી ટીમો વચ્ચે ક્રોસઓવર એલિમિનેટર પ્લેઓફ મેચ રમાશે અને તેના દ્વારા બાકીની બે સેમી ફાઇનાલિસ્ટ નક્કી થશે.

### સુડોકુ ૭૬૯૭ - 'ક્લુ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭ | ૨ | ૫ | ૮ | | ૪ | ૩ | ૯ |
| ૪ | ૫ | ૯ | | ૧ | ૨ | | | |
| ૮ | ૬ | | ૭ | | | | ૧ | ૫ |
| | ૪ | | ૯ | | | ૩ | ૫ | |
| | ૩ | | | ૨ | | | | |
| ૯ | | | ૬ | | | ૭ | | ૮ |
| ૫ | | ૭ | | ૯ | | | ૪ | ૬ |
| ૬ | ૨ | ૧ | | | ૭ | ૮ | | ૩ |
| ૩ | ૯ | ૪ | | ૬ | ૧ | ૫ | | ૨ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

#### રતવા - વિસર્પ - હર્પિસ

ચામડી ઉપર સર્પાકારે એનો ચેપ ફેલાય છે. અતિશય દર્દ અને તાવ હોય છે. વાઇરસ છે. ચેપી છે. ગળો છૂંદીને રસ કાઢી લગાડો. એપ્સમ સોલ્ટ ત્રણ ગ્રામ, હુંફાળા પાણીમાં ઓગાળી, અડધું લીંબુ નિચોવી સવારે ખાલી પેટ પી જવું. પાંચ દિવસ લો. ચ્યવનપ્રાશ રોજ ખાવ.

### જાપાન ઓપન : આયુષ, ઉન્નતિ, લક્ષ્ય હાર્યા

ટોક્યો, તા. 15 : યુવા શટલર આયુષ શેટ્ટી, ઉન્નતિ હુડ્ડા અને લક્ષ્ય સેન આજે બુધવારે જાપાન ઓપન સુપર 750 બેડમિન્ટન ટુર્નામેન્ટમાં હારી ગયા. આયુષ થાઇલેન્ડના કુનલાવુત વિતિદસાર્ન સામે 19-21 25-23 15-21થી હાર્યો હતો. જ્યારે ઉન્નતિને ચાઇનીઝ તાઈપેઈની હુઆંગ યુ સુને 21-16 16-21 15-21થી હરાવી હતી. લક્ષ્યને સ્થાનિક ખેલાડી કોકી વાતાનાબેએ 38 મિનિટમાં 21-16, 21-14થી હરાવ્યો.

### આજનું પંચાંગ

**તા. 16/07/2026, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અષાઢ
**તિથિ:** સુદ:બીજ:08:54 પછી ત્રીજ
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** અષાઢ: 25 **યોગ :** સિદ્ધિ
**કરણ:** તૈતિલ **નક્ષત્ર :** આશ્લેષા:19:54 સુધી જન્મેલાની નક્ષત્ર શાંતિ કરવી **રાશિ:** કર્ક (ડ.હ.) 19:54 પછી સિંહ (મ.ટ.) **દિવસ :** અશુભ-રથયાત્રા-સૂર્ય કર્કમાં : 23:40, ગુરુ પશ્ચિમ માસ્ત **સુરતમાં સૂર્યોદય :** 06:07
**સુરતમાં સૂર્યાસ્ત :** 19:22 **નવકારસી :** 06:55
**પારસી વર્ષ :** 1395 સ્પેન્દારમદ માસનો 06ઠો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 સફર માસનો પ્રથમ રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત
**રાહુકાળ:** બપોરે: 13:30 થી 15:00 સુધી

### આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** શુભ સમાચારથી દિવસની શરૂઆત થાય. ઘરમાં શુભ પ્રસંગનું આયોજન થાય. રોજગારની પ્રાપ્તિ થાય.

**વૃષભ (બ,વ,ઉ,):** હાથ પરનાં કામ કુશળતાપૂર્ણ પાર પડે. નવા પ્રોજેક્ટની જવાબદારી મળે. નોકરીમાં પ્રભાવ વધે.

**મિથુન (ક,છ,ઘ,):** આર્થિક બાબાતે ચોક્કસ બનશો. ઉઘરાણી આવી શકે છે. પરિવારમાં તાલમેળ રાખવો. શુભ સમાચાર મળે.

**કર્ક (ડ,હ,):** ઇચ્છિત મુલાકાત થાય. યશ પ્રતિષ્ઠામાં વધારો થાય. નવી નોકરીની તક મળે. પારિવારિક કામમાં પ્રગતિ થાય.

**સિંહ (મ,ટ,):** ધર્મ-કર્મ થાય. સામાજિક મેળાવડામાં જવાનું બને. વિદેશનાં કામમાં પ્રગતિ થાય. રંગીન મુલાકાત થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** સ્ત્રી વર્ગ, પુત્રી સંતાન અને જીવનસાથી વગેરેથી લાભ અને શાંતિ મળે. અચાનક ધનલાભ થાય.

**તુલા (ર,ત,):** નોકરીમાં પ્રમોશન થાય. સરકારી નોકરીની તક ઊભી થાય. સમાજમાં યશ મળે. ધંધામાં આવક વધશે.

**વૃશ્ચિક (ન,ય,):** શુભ સમાચાર મળે. ધર્મ-કર્મથી શાંતિ મળે. નવા કામની તક મળે. બૌદ્ધિક લોકોનો સાથ મળે. મન અશાંત રહે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** સરકારી કામ, કોર્ટ, કચેરી, વીલ-વારસાનાં કામ સરળ બને. ઉપરી વર્ગનો સાથ મળે. ખર્ચા વધશે.

**મકર (ખ,જ,):** વિવાહ લાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમવિવાહમાં સહકાર મળે. રોજના કામમાં મદદ મળે. આવક વધે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ઉપરી વર્ગનો સાથ મળે. નવી જવાબદારીથી પ્રભાવ વધે. સ્વભાવ ઉગ્ર અને સ્વતંત્ર રહે. ખર્ચા વધશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ભાગ્યનો સાથ મળે. શેર બજારમાં લાભ થાય. વિદ્યાર્થીઓને તક મળે. સંતાનોનાં કામમાં મદદ મળે. આવક વધે.

### કોઈ પણ સાલમાં 16 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે.નવો ફેરફારથી કાર્યબોજ અને દોડ-ધામ વધશે. ટેકનોલોજીનો લાભ મળે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સમાજમાં સામાન્ય રહે. કુટુંબ-પરિવાર અપેક્ષા વધે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સાવધાની રાખવી. કોઇની વાતોમાં આવવું નહીં. ઉઘરાણીની ચિંતા વધશે. આરોગ્ય નરમ-ગરમ રહે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમવિવાહમાં મદદ મળે. નોકરી-ધંધામાં હરીફો સતાવશે. વિદેશના કામ થાય. વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં મદદ મળે. આવક વધારવાની યોજનામાં વડીલોનો સાથ મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડશે. સ્ત્રી વર્ગની અશાંતિ વધે. નોકરી કરતી મહિલાની માનસિક પીડા વધે. વારસા, જાયદાદ, જમીન જેવાં કામ ધીમાં પડશે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઇ, સોમ-ગુરુવાર 07, 16, 25 તારીખે નવા કામ કરી શકાય. ગુલાબી, સફેદ રંગનો ઉપયોગ કરતાં રહેવું. ઓગસ્ટ-સપ્ટેમ્બર, બુધ શુક્રવાર, 05,14,23 તારીખે નવાં કામ ટાળવાં. લાલ અને ઘાટો લીલો રંગ ટાળવો. કેતુ-ચંદ્રના ઉપાય કરતા રહેવું.

### શબ્દગુંફન - ૭૨૪૧

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. એક જળચર પક્ષી (3)
3. સહાય (3)
૫. હોડી, વહાણ (૨)
૬. લહેજત, મજા (3)
૭. યાચના કરનાર, માગણ (3)
૯. ઝટ, એકદમ (3)
૧૧. વેલ (૨)
૧૩. પરમેશ્વર (૨)
૧૪. દેવ - દેવીએ આપેલું વચન (૪)
૧૬. ઉપવાસ કરવો તે (૪)
૧૮. તૃપ્ત, ધરાયેલું (૨)
૧૯. વેરો (૨)
૨૦. માવજત, સાચવણી (3)
૨૨. કલ્યાણકારક (૪)
૨૪. એક કઠોળ (૨)
૨૫. હિંમત (૨)
૨૬. ક્રિકેટની રમતમાં દોડીને લેવાય (૨)
૨૭. અધિકાર (૨)
૨૮. ધૂળનો કણ (૪)
30. કંટાળેલું (૨)
3૧. પાણી પીવાની ઈચ્છા (3)
3૨. ખૂબ આતુરતાથી (૪)

**ઊભી ચાવી**
૧. બચાવેલી રકમ (3)
૨. હાલતું, ઝૂલતું (3)
3. હેતુ, આશય (૪)
૪. કૃપા, રહેમ (૨)
૫. અનુકૂળ વખત (૨)
૮. ચાલાક, હોશિયાર (3)
૧૦. આંખની કીકી (3)
૧૨. દિવસ, દહાડો (૨)
૧૩. અભિષેક બચ્ચનની એક ફિલ્મ (૨)
૧૪. પતિ (૨)
૧૫. ઈજન, નોતરું (3)
૧૬. દુશ્મન (૨)
૧૭. હોડ, બોલી (3)
૧૮. ધરાયેલું (૨)
૧૯. હાથ (૨)
૨૦. દુનિયા, વિશ્વ (૨)
૨૧. મીઠું (3)
૨૨. કુદરતી બરફ (૨)
૨3. દેવું, ઋણ (૨)
૨૪. મરજી, દિલ (૨)
૨૫. અવસ્થા, સ્થિતિ (3)
૨૬. રેતીનું મેદાન (૨)
૨૭. પચેલું (3)
૨૮. ફળો વગેરેનું પ્રવાહી (૨)
૨૯. વાનર (૨)
30. રંગ, વર્ણ (૨)

